| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| સચિવાલયના ઓફિસ આસીસ્ટન્ટની નાયબ સેક્શન અધિકારી તરીકે બઢતી માટેની ખાતાકીય પરીક્ષા | | |
| તા.૨૦/૧૦/૨૦૨૧ | પ્રશ્નપત્ર –૧ | બેઠક નંબર:............. |
| સમય : ૧૧.૦૦ થી ૧૪.૦૦ | SET - D | કુલ ગુણ : - ૧૦૦ |

**1 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ પેન્શનની વ્યાખ્યા કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૯(૩૨) **B** નિયમ-૯(૪૨)

**C** નિયમ-૯(૫૮) **D** નિયમ-૯(૫૫)

**2 ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ બી-વન વર્ગના શહેરમાં રહેતા સરકારી કર્મચારીઓને કેટલું ઘરભાડા ભથ્થુ મળવાપાત્ર છે ?**

**A** મૂળ પગારના ૩૦% **B** મૂળ પગારના ૧૫%

**C** મૂળ પગારના ૫% **D** મૂળ પગારના ૭.૫%

**3 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ રૂા.૬૫૦૦-૧૦૫૦૦ અને રૂા.૧૮૪૦૦-૨૨૪૦૦ વચ્ચેના અને તે સહિતના પગાર ધોરણમાં ફરજ બજાવતા પગાર ધોરણના અધિકત્તમ તબક્કે સ્થગિત થયેલ બધા કર્મચારીઓને સ્થગિત ઇજાફો કયારે આપવામાં આવે છે ?**

**A** દર વર્ષે એક **B** દર બે વર્ષે એક

**C** દર ત્રણ વર્ષે એક **D** દર પાંચ વર્ષે એક

**4 વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલનું ફોર્મ મોડામાં મોડા કઇ તારીખ સુધીમાં સ્વમૂલ્યાંકન અધિકારીએ ઓનલાઇન રજૂ કરવાનું હોય છે ?**

**A** ૧૫ માર્ચ **B** ૧૫ એપ્રિલ

**C** ૧૫ મે **D** ૧૫ જૂન

**5 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ની કલમ-૧૮માં કઇ જોગવાઇ છે ?**

**A** બેન્કરના ચોપડા તપાસવાની સત્તા **B** તપાસ કરવા માટેની અધિકૃત વ્યક્તિઓ

**C** ફોજદારી કામ ચલાવવા માટે પૂર્વ મંજૂરી બાબત. **D** રાજય સેવકના કાયદેસરના મહેનતાણાં

**6 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮માં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮માં ખાસ ન્યાયાધિશોએ ઇન્સાફી કાર્યવાહી કરવાપાત્ર કેસોની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૩ **B** નિયમ-૪

**C** નિયમ-૫ **D** નિયમ-૬

**7 વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ જે તે અધિકારીના લોગીઇનમાં જનરેટ કરવાની જવાબદારી કયા અધિકારીની છે ?**

**A** મહેકમ અધિકારી **B** રીપોર્ટીંગ અધિકારી

**C** સમિક્ષક અધિકારી **D** ત્રણમાંથી એકપણ નહી.

**8 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ માં રાજય સેવકની વ્યાખ્યા કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૨(ક) **B** નિયમ-૨(ખ)

**C** નિયમ-૨(ગ) **D** નિયમ-૩

**9 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ મુજબ દૈનિક ભથ્થાની જોગવાઇ કયા પ્રકરણમાં કરવામાં આવેલ છે ?**

**A** પ્રકરણ-૨ **B** પ્રકરણ-૯

**C** પ્રકરણ-૪ **D** પ્રકરણ-૭

**10 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ મુજબ જે કોઇ વ્યક્તિ વારંવાર કલમ-૮ અથવા કલમ-૯ અથવા કલમ-૧૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હો કરે તેને કેટલી શિક્ષા થવાપાત્ર છે ?**

**A** પાંચ વર્ષથી ઓછી ન હોય તેટલી અને સાત વર્ષ સુધીની શિક્ષા અને દંડ **B** બે વર્ષથી ઓછી ન હોય તેટલી અને સાત વર્ષ સુધીની શિક્ષા અને દંડ

**C** પંદર વર્ષથી ઓછી ન હોય તેટલી અને વીસ વર્ષ સુધીની શિક્ષા અને દંડ **D** આજીવન કેદ અને દંડ

**11 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ સરકારી કર્મચારીને પેન્શન પાછું ખેંચી લેવાનો કે મોકુફ રાખવાનો સરકારના અધિકારની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૧૯ **B** નિયમ-૨૦

**C** નિયમ-૨૧ **D** નિયમ-૨૪

**12 ગુજરાત વિધાનસભા નિયમો મુજબ વિધેયકો ઘડવાની જોગવાઇ કયા ભાગમાં છે ?**

**A** ભાગ પહેલો **B** ભાગ બીજો

**C** ભાગ ત્રીજો **D** ભાગ ચૌદમો

**13** **ગુજરાત વિધાનસભા નિયમો મુજબ બીજી સરકાર સાથે ચાલતી ચર્ચા કે પત્ર વ્યવહારને લગતા પ્રશ્નો પૂછી શકાય છે ?**

**A** હા **B** ના

**C** કંઇ કહી શકાય નહી. **D** ઉપરના ત્રણમાંથી એકેય નહી.

**14** **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ મુજબ આરોપી વ્યક્તિને સાક્ષી તરીકે સક્ષમ ગણી શકાશે તેવી જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૨૧ **B** નિયમ-૨૬

**C** નિયમ-૩૧ **D** નિયમ-૨

**15** **સ્વમૂલ્યાંકન રજૂ થયા બાદ અહેવાલ લખનાર અધિકારી નિવૃત્ત થયા પછી કયાં સુધી અહેવાલ લખી શકે છે ?**

**A** ૧ માસ **B** ૨ માસ

**C** ૬ માસ **D** ૧ વર્ષ

**16** **ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ પેન્શનની વ્યાખ્યા ક્યા નિયમમાં છે?**

**A** નિયમ-૨(૫૫) **B** નિયમ-૨ (૫૬)

**C** નિયમ-૨ (૫૭) **D** નિયમ-૨ (૫૮)

**17** **ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ નિયમ-૩(૧૦) કઇ તારીખથી ઉમેરવામાં આવેલ છે ?**

**A** તા.૦૭/૦૧/૧૯૯૫ **B** તા.૧૫/૦૭/૧૯૬૩

**C** તા.૦૭/૦૧/૨૦૦૦ **D** તા.૧૫/૦૬/૧૯૬૩

**18** **ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ એડવોકેટ જનરલને રજા કયા નિયમ હેઠળ મળવાપાત્ર છે ?**

**A** નિયમ-૯૨ **B** નિયમ-૯૫

**C** નિયમ-૯૬ **D** નિયમ-૧૦૦

**19** **ગુજરાત મુલ્કી સેવા (રહેણાંક્ના મકાનોમાં વસવાટ) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ એક સરકારી કર્મચારીના રહેણાંકના આવાસમાં બીજો સરકારી કર્મચારી હિસ્સેદારીથી રહેતો હોય તેની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૧૦ **B** નિયમ-૧૩

**C** નિયમ-૧૪ **D** નિયમ-૧૭

**20 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ મુજબ ઘરભાડા ભથ્થાની વ્યાખ્યા કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૯(૨૭) **B** નિયમ-૯(૩૯)

**C** નિયમ-૯(૪૪) **D** નિયમ-૯(૪૫)

**21 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં ) નિયમો, ૨૦૦૨ મુજબ પુનઃનિયુક્ત પેન્શન અને મુસાફરી ભથ્થુ મેળવવાની પાત્રતા માટેની પ્રાથમિક શરત શું છે ?**

**A** પગાર + પેન્શન મેળવતા હોવા જોઇએ. **B** ખાસ પગાર મેળવતા હોવા જોઇએ.

**C** પેન્શન મેળવતા ન હોવા જોઇએ. **D** ઉપર ત્રણમાંથી એકપણ નહી.

**22 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ સરકાર સિવાયના અન્ય કોઇપણ સત્તાધિકારીએ કમિશનને પૂછાવવાની જરૂરિયાત રહેશે નહી તેવી જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૧ **B** નિયમ-૩(૬)

**C** નિયમ-૩(૧૧) **D** નિયમ-૩(૧૨)

**23 જયારે અહેવાલ લખનાર અને સમિક્ષા કરનાર બન્ને અધિકારી એક હોય ત્યારે શું કાર્યવાહી અપેક્ષિત છે?**

**A** બન્ને અધિકારી જુદા નક્કી કરવાના હોય છે. **B** બન્ને અધિકારીની કાર્યવાહી લખનાર અધિકારીએ પૂર્ણ કરવાની હોય છે.

**C** સમિક્ષક અધિકારીની કાર્યવાહી બાકી રહે છે. **D** ત્રણમાંથી એકપણ નહી.

**24 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ નિયમ-૩(૧૫-ખ) મુજબ કઇ બાબતે કમિશનને પૂછવાની જરૂર નથી ?**

**A** ભારે શિક્ષા માટે **B** પેન્શન કાપ કરવા માટે

**C** શિક્ષા તરીકે હોય તે સિવાય અથવા બીજી કોઇપણ રીતે અધિકારીને નોકરીમાંથી છૂટા કરવા અથવા તેમની મૂળ જગ્યાએ પાછા મૂકવા માટે. **D** બરતરફ કરવા માટે.

**25 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેચ્યુઇટી કયા નિયમ મુજબ ચૂકવવામાં આવતી રકમ છે ?**

**A** નિયમ-૯ **B** નિયમ-૧૦

**C** નિયમ-૮૧ **D** નિયમ-૮૨

**26 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ પોલીસ તાલીમ મહાવિદ્યાલયમાં તાલીમ હેઠળના તાલીમાર્થીઓને મળવાપાત્ર વૃત્તિકાની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૨૮ **B** નિયમ-૩૪

**C** નિયમ-૪૫ **D** નિયમ-૪૯

**27 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ મુજબ કઇ કેડરના કર્મચારીઓની શિસ્ત વિષયક બાબતમાં આયોગને પૂછવાનું રહેતું નથી.**

**A** મોટર વાહન ઇન્સ્પેકટર **B** સંયુકત સચિવ

**C** ખેતી નિયામક **D** કાર્યપાલક ઇજનેર

**28 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ મુજબ વિમાન દ્વારા મુસાફરીનો હક્ક કયો માસિક પગાર મેળવતા અધિકારીનો પોતાની વિવેકબુદ્ધિ અનુસાર રહેશે ?**

**A** રૂા.૧૨૩૦૦/-થી ઓછો **B** રૂા.૧૬૪૦૦/- થી વધુ

**C** રૂા.૫૦૦૦/-થી વધુ **D** રૂા.૧૫૦૦૦/-થી વધુ

**29 ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી, બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૨૯ મુજબ સ્વવિનંતીથી થયેલ બદલી માટે સરકારી કર્મચારીને ફરજ પર જોડાવવાનો સમય....................**

**A** મળવાપાત્ર છે **B** મળવાપાત્ર નથી

**C** કંઇ કહી ન શકાય **D** ઉપર ત્રણમાંથી એકપણ નહીં

**30 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ મુજબ લેખિત ઠપકાની શિક્ષાના હુકમ માટે આયોગને પૂછવાની જરૂર નથી તેવી જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૩(૯) **B** નિયમ-૩(૧૧)

**C** નિયમ-૩(૧૨)(૧)(ક) **D** નિયમ-૩(૧૨)(૧)(ખ)

**31 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ખાસ પગારની વ્યાખ્યા કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૯(૬૬) **B** નિયમ-૯(૭૪)

**C** નિયમ-૯(૮૪) **D** નિયમ-૯(૮૯)

**32 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ પગાર ભથ્થા અને રજાની માંગણી અંગેના નિયમનની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૬ **B** નિયમ-૭

**C** નિયમ-૮ **D** નિયમ-૯

**33 ગુજરાત વિધાનસભા નિયમોમાં સભ્યો માટેના શપથપત્રકની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૭ **B** નિયમ-૮

**C** નિયમ-૯ **D** નિયમ-૧૦

**34 કામગીરી મૂલ્યાંકન અહેવાલ કઇ રીતે ભરવાના રહે છે ?**

**A** ઓફલાઇન **B** ઓનલાઇન

**C** ભરવાના રહેતા નથી. **D** ત્રણમાંથી એકપણ નહી.

**35 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ મુજબ ‘‘તોષણ’’ એ શબ્દ નાણાંકીય તોષણ અથવા નાણાંમાં અંદાજી શકાય તેવા તોષણ પુરતો મર્યાદિત નથી તેવી જોગવાઇ છે તે બાબત સાચી છે ?**

**A** હા **B** ના

**C** કંઇ કહી શકાય નહી. **D** ઉપરના ત્રણમાંથી એકપણ નહી.

**36 ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ “તિજોરી” ની વ્યાખ્યામાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી?**

**A** તિજોરી **B** પેટા તિજોરી

**C** પીએઓ કચેરી **D** એજી કચેરી

**37 ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ-૯૦ મુજબ ટૂંકી મુદ્દતના પ્રશ્નોમાં સંબંધિત મંત્રી પ્રશ્ન દાખલ કરવા કબુલ ન થાય તો પ્રશ્ન પૂછી શકાય છે તેવું વિધાન નિયમો મુજબ સાચુ છે ?**

**A** હા **B** ના

**C** કંઇ કહી શકાય નહી. **D** ઉપરના ત્રણમાંથી એકેય નહી.

**38 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ભૂતકાળની સળંગ ન હોય તેવી કાયમી કે હંગામી નોકરીમાં કેટલા વર્ષની નોકરીએ એક ઇજાફાની ગણતરી લઇ શકાય ?**

**A** પાંચ વર્ષથી ઓછી **B** પાંચ વર્ષથી વધારે પણ સાડાસાત વર્ષથી ઓછી

**C** દશ વર્ષથી વધારે **D** ત્રણમાંથી એકપણ નહી.

**39 ગુજરાત વિધાનસભા નિયમોમાં રાજયપત્રની વ્યાખ્યા કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૨(ખ) **B** નિયમ-૨(ઘ)

**C** નિયમ-૨(છ) **D** નિયમ-૨(ઝ)

**40 ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ પરદેશમાં પ્રતિનિયુક્તિ દરમ્યાન મુસાફરી ભથ્થાની મંજુરીનું નિયમન કરતા નિયમો કયા પરિશિષ્ટમાં છે?**

**A** પરિશિષ્ટ-૧ **B** પરિશિષ્ટ-૩

**C** પરિશિષ્ટ-૫ **D** પરિશિષ્ટ-૭

**41 ગુજરાત વિધાનસભા નિયમો મુજબ સંકલ્પોની સૂચના અધ્યક્ષે બેલેટ માટે જે તારીખ ઠરાવેલ હોય તેના કેટલા દિવસ અગાઉ આપી શકાય છે ?**

**A** ૫ - દિવસ **B** ૪ – દિવસ

**C** ૨ – દિવસ **D** ૨૦ – દિવસ

**42 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ હંગામી વધારો પેન્શન ઉપર મોંઘવારી રાહત કયા નિયમ હેઠળ પેન્શનર મેળવવા માટે હક્કદાર છે ?**

**A** નિયમ-૩૯ **B** નિયમ-૬૦

**C** નિયમ-૮૬ **D** નિયમ-૧૯૧

**43 ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય , રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ નિયમ-૭ અને ૮ હેઠળની સત્તાઓ જે અધિકારીઓને આપેલ છે તેની વિગતો કયા પરિશિષ્ટમાં છે?**

**A** પરિશિષ્ટ-૧ **B** પરિશિષ્ટ-૩

**C** પરિશિષ્ટ-૫ **D** પરિશિષ્ટ-૭

**44 ગુજરાત રાજ્ય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ મુજબ પ્રોબેશન પર હોય તેવા અધિકારીને સેવા સમાપ્ત કરવાની બાબતમાં આયોગને પૂછવાનું રહે છે કે કેમ ?**

**A** હા **B** ના

**C** કંઇ કહી શકાય નહી. **D** કોઇ જોગવાઇ નથી.

**45 ગુજરાત મુલ્કી સેવા (રહેણાંક્ના મકાનોમાં વસવાટ) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ખાતાના વડા તરીકે ગણવામાં આવેલ અધિકારીઓની સૂચિ કયા પરિશિષ્ટમાં છે ?**

**A** પરિશિષ્ટ-૧ **B** પરિશિષ્ટ-૨

**C** પરિશિષ્ટ-૩ **D** પરિશિષ્ટ-૪

**46 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ની કલમ-૨(ગ) મુજબ નીચેના પૈકી કયા વ્યક્તિ રાજય સેવક નથી ?**

**A** સેકશન અધિકારી | **B** અધિક સચિવ

**C** યુનિવર્સિટીના પરિક્ષક | **D** ગૃહિણી

**47 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ પગાર ધોરણની વ્યાખ્યા કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૯(૬૮) | **B** નિયમ-૯(૭૪)

**C** નિયમ-૯(૮૪) | **D** નિયમ-૯(૮૫)

**48 ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ઘરભાડા ભથ્થુ મંજૂર કરવા માટેના એ-વન વર્ગના શહેરોમાં નીચેના પૈકી કયા શહેરનો સમાવેશ થાય છે ?**

**A** અમદાવાદ | **B** સુરત

**C** કોલકતા | **D** ભાવનગર

**49 વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલનું ફોર્મ મોડામાં મોડા કઇ તારીખ સુધીમાં જનરેટ કરવાનું હોય છે ?**

**A** તા.૧૫ એપ્રિલ | **B** તા.૧૫ મે

**C** તા.૧૫ જૂન | **D** તા.૧૫ ડિસેમ્બર

**50 ગુજરાત મુલ્કી સેવા (રહેણાંક્ના મકાનોમાં વસવાટ ) નિયમ, ૨૦૦૨ના નિયમ ૧૭ ની  જોગવાઇ મુજબ મુખ્ય મકાનના પાકા કોર્ટ યાર્ડ ક્ષેત્રફળના કેટલા ટકા હોય છે?**

**A** ૫ ટકા | **B** ૨૦ ટકા

**C** ૨૫ ટકા | **D** ૧૦૦ ટકા

**51 ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨  મુજબ ક્યા નિયમ મુજબ ફરજ મોકુફી દરમ્યાન નિર્વાહ ભથ્થુ અને વળતર ભથ્થા મળવાપાત્ર છે ?**

**A** નિયમ-૪૦ | **B** નિયમ-૪૫

**C** નિયમ-૬૫ | **D** નિયમ-૬૮

**52 ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ ફરજમાં નીચેની સેવાઓનો સમાવેશ થતો નથી.**

A અજમાયશી તરીકેની નોકરી
B હાજર થવાનો સમય
C ફરજીયાત ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવાનો સમય
D સીધી ભરતીની પરીક્ષામાં ઉપસ્થિત થવાનો સમય

**53 ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ સ્થાનિક વળતર ભથ્થાના દરની જોગવાઇ કયા નિયમમાં છે ?**

A નિયમ-૧૨
B નિયમ-૧૪
C નિયમ-૧૫
D નિયમ-૧૩

**54 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ મુજબ નિવૃત્તિ સમયે મળવાપાત્ર મુસાફરી ભથ્થાની જોગવાઇ કયા નિયમમાં કરવામાં આવેલ છે ?**

A નિયમ-૧૦
B નિયમ-૧૯
C નિયમ-૧૦૬
D નિયમ-૧૦૯

**55 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ક્ષય / કેન્સર / કુષ્ઠ રોગની રજા કયા નિયમ હેઠળ મળવાપાત્ર છે ?**

A નિયમ-૭૬
B નિયમ-૭૭
C નિયમ-૮૬
D નિયમ-૮૯

**56 ગુજરાત મુલ્કી સેવા (રહેણાંક્ના મકાનોમાં વસવાટ) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ રહેઠાણના ભાડામુક્ત આવાસોને મળવાપાત્ર પદ ધારકોની જગાઓની યાદીમાં તબીબી શિક્ષણની કેટલી જગાઓનો સમાવેશ કરવામાં આવેલ છે ?**

A ૨૬
B ૩૨
C ૩૬
D ૪૪

**57 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ અભ્યાસ રજા માટેનો અધિકત્તમ સમયગાળો વધુમાં વધુ કેટલા સમયનો છે ?**

A એક વર્ષ
B બે વર્ષ
C પાંચ વર્ષ
D ૬ મહિના

**58 ગુજરાત મુલ્કી સેવા (રહેણાંક્ના મકાનોમાં વસવાટ ) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ઇ-૧ પ્રકારના મકાનના ભાડાની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ- ૧ **B** નિયમ-૮

**C** નિયમ-૧૬ **D** નિયમ- ૧૮

**59 ગુજરાત વિધાનસભા નિયમો મુજબ કોઇપણ વ્યક્તિ સામે આક્ષેપ મુકવા સબંધી કાર્યરિતીની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૩૫ **B** નિયમ-૩૬

**C** નિયમ-૩૭ **D** નિયમ-૧૦

**60 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ની કલમ-૧૭ મુજબ નીચેના પૈકી કયા અધિકારી તપાસ કરવા માટેની અધિકૃત વ્યક્તિ છે ?**

**A** પોલીસ કોન્સ્ટેબલ **B** હેડ પોલીસ કોન્સ્ટેબલ

**C** પોલીસ સબ ઇન્સ્પેકટર **D** પોલીસ ઇન્સ્પેકટર

**61 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ જાહેર રજાની વ્યાખ્યા કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૯(૯) **B** નિયમ-૯(૨૧)

**C** નિયમ-૯(૩૦) **D** નિયમ-૯(૩૭)

**62 અહેવાલ હેઠળના કોઇ અધિકારી નિયત થયેલ સમયમર્યાદા સુધી અહેવાલ ન લખે તો કઇ પ્રક્રિયા સાથી સોફટવેરમાં હાથ ધરાય છે ?**

**A** સોફટવેર રાહ જૂએ છે. **B** સોફટવેરમાં આપોઆપ ઉપરી અધિકારીના લોગીઇનમાં અહેવાલ જતા રહે છે.

**C** કોઇ પ્રક્રિયા થતી નથી. **D** ત્રણમાંથી એકપણ નહી.

**63 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ કઇ ઉંમર પછીની નોકરી પેન્શન પરત્વે ગણવામાં આવે છે ?**

**A** ૧૮ વર્ષ ઉપરની **B** ૧૭ વર્ષ

**C** ૧૨ વર્ષ **D** ત્રણમાંથી એકપણ નહી.

**64 વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓના અહેવાલ અધિકારીની નિવૃત્તિ બાદ કેટલા સમય સુધી સાચવવાના હોય છે ?**

**A** પાંચ વર્ષ
**B** દશ વર્ષ
**C** વીસ વર્ષ
**D** પચ્ચીસ વર્ષ

**65 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ મુજબ પોતાની માલિકીની સાયકલ નિભાવતા અને ફરજ બજવણી માટે તેનો ઉપયોગ કરતા પોલીસ કોન્સ્ટેબલ તથા હેડ કોન્સ્ટેબલને માસિક કયા દરે સાયકલ ભથ્થું મળવાપાત્ર બનશે ?**

**A** રૂા.૫૦/-
**B** રૂા.૨૫/-
**C** રૂા.૫૦૦/-
**D** રૂા.૧૦૦૦/-

**66 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં ) નિયમો, ૨૦૦૨ મુજબ કાયમી મુસાફરી ભથ્થાની રકમની ગણતરી કરવાના સુત્રની જોગવાઇ કયા નિયમમાં કરવામાં આવેલ છે ?**

**A** નિયમ-૨૫
**B** નિયમ-૩૦
**C** નિયમ-૧૨૨
**D** નિયમ-૧૯

**67 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ સરકારી નોકરીમાં પ્રથમ નિમણૂક થયેથી નિમણૂકની જગ્યાના પગાર ધોરણનો કયો પગાર કર્મચારીને મળવાપાત્ર છે ?**

**A** ન્યુન્તમ પગાર
**B** મધ્યમ પગાર
**C** ઉચ્ચ પગાર
**D** ત્રણમાંથી એકપણ નહી.

**68 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ સ્વૈચ્છિક નિવૃત્તિ માટેની લઘુત્તમ સેવા કેટલા વર્ષની છે ?**

**A** ૨૦ વર્ષ
**B** ૨૧ વર્ષ
**C** ૨૫ વર્ષ
**D** ૨૮ વર્ષ

**69 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ નિયમ-૩(૧) મુજબ કમિશને તૈયાર કરેલ પસંદગી યાદીમાંથી નિમણૂક માટે જો કોઇ ઉમેદવાર મળી શકે તેમ ન હોય તો કયા સંવર્ગના કર્મચારીઓ માટે ગુજરાત રાજય સેવા આયોગને ૧૨ મહીના સુધી પૂછાવવાની જરૂર રહેશે નહી.**

**A** માહિતી નિયામકની કચેરીના સબઓર્ડીનેટ સ્ટાફ
**B** અન્ય સંવર્ગ
**C** સચિવાલય સંવર્ગ
**D** ખાતાના વડા સંવર્ગ

**70 કામગીરી મૂલ્યાંકન અહેવાલ કઇ તારીખથી દાખલ કરવામાં આવેલ છે ?**

**A** તા.૦૧/૦૪/૨૦૧૮ **B** તા.૦૧/૦૪/૧૯૮૨

**C** તા.૦૧/૦૪/૨૦20 **D** તા.૦૧/૦૪/૨૦૧૯

**71 ગુજરાત વિધાનસભા નિયમો મુજબ સભ્ય એક જ દિવસે વધુમાં વધુ કેટલા તારાંકિત પ્રશ્નો પુછી શકે છે ?**

**A** ૨ **B** ૫

**C** ૪ **D** ૩

**72 ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ રાજ્યેતર સેવાની જોગવાઈ ક્યા પ્રકરણમાં છે?**

**A** પ્રકરણ-૨ **B** પ્રકરણ-૩

**C** પ્રકરણ-૪ **D** પ્રકરણ-૬

**73 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ત્રીજા પક્ષ પાસેથી સેવા ખર્ચ વસુલાતની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૩૬ **B** નિયમ-૪૧

**C** નિયમ-૫૧ **D** નિયમ-૧૫૮

**74 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ રજાનું અતિક્રમણ ગણવાની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૪૫ **B** નિયમ-૭૩

**C** નિયમ-૮૬ **D** નિયમ - ૭૨

**75 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ મુજબ રાજય સેવકના ગુન્હાહિત ગેરવર્તન અંગેની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૭ **B** નિયમ-૧૦

**C** નિયમ-૧૩ **D** નિયમ-૧૪

**76 ગુજરાત વિધાનસભા નિયમોમાં નિયમ-૧૬ મુજબ અધ્યક્ષ સભાગૃહના નેતા સાથે મંત્રણા કરીને બિનસરકારી કામકાજ માટે બીજા કોઇપણ દિવસની બેઠકના છેલ્લા ૨(બે) કલાક ફાળવી શકશે તે બાબત સાચી છે ?**

**A** હા **B** ના

**C** કંઇ કહી શકાય નહી. **D** ઉપરના ત્રણમાંથી એકપણ નહી.

**77 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇના નિયમ-૨૫ મુજબ પેન્શનપાત્ર સેવામાં નીચેના પૈકી કઇ સેવાનો સમાવેશ થતો નથી ?**

**A** હંગામી સેવા
**B** કાયમી સેવા
**C** બિન પેન્શનપાત્ર મહેકમમાંની કચેરીની સેવા
**D** ત્રણમાંથી એકપણ નહી.

**78 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ રજાનો હિસાબ કયા નમૂનામાં રાખવાનો રહે છે?**

**A** નમૂનો-૧
**B** નમૂનો-૩
**C** નમૂનો-૨
**D** નમૂનો-૪

**79 ગુજરાત મુલ્કી સેવા (રહેણાંક્ના મકાનોમાં વસવાટ ) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ સરકારી રહેણાંકના આવાસ માટે સરકારી કર્મચારીને આવાસની કક્ષા કયા ધોરણોથી ફાળવવામાં આવે છે ?**

**A** કર્મચારીનો હોદ્દો
**B** કર્મચારીનો પગાર
**C** કર્મચારીનું પેન્શન
**D** ત્રણમાંથી એકપણ નહી.

**80 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ મુજબ ગુજરાત રાજય બહાર દરીયાઇ નદીની સ્ટીમર દ્વારા મુસાફરી માટે સરકારી કર્મચારીને કયા વર્ગની સગવડતા માટે હક્કદાર ગણવા તે અંગે નિર્ણય લેવાની સત્તા કયા અધિકારીને છે ?**

**A** કચેરીના વડા
**B** કોઇને નહી.
**C** ખાતાના વડા
**D** ત્રણમાંથી એકપણ નહી.

**81 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૦ મુજબ મુસાફરી ભથ્થાના પ્રકારમાં કયું ભથ્થુ સામેલ નથી ?**

**A** કાયમી મુસાફરી ભથ્થુ
**B** વાહન ભથ્થુ
**C** ઘર ભાડા ભથ્થુ
**D** દૈનિક ભથ્થુ

**82 ગુજરાત વિધાનસભા નિયમો મુજબ અતારાંકિત પ્રશ્નો પૂછવા અંગેની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૮૪
**B** નિયમ-૮૫
**C** નિયમ-૮૬
**D** નિયમ-૮૭

**83 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ મુજબ અધિકારીને નોકરીની કરારની શરતો અનુસાર નોકરી સમાપ્ત કરવાની બાબતમાં આયોગને પૂછવાની જરૂર નથી તેવી જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૩(૧૫)(ક) **B** નિયમ-૩(૧૫)(ખ)

**C** નિયમ-૩(૧૫)(ઘ) **D** નિયમ-૩(૧૫)(ગ)

**84 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ સરકારી કર્મચારીને રજાનું રોકડમાં રૂપાંતરની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૪ **B** નિયમ-૨

**C** નિયમ-૬૫ **D** નિયમ-૭૫

**85 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ જે સરકારી કર્મચારીની જન્મ તારીખ જે તે મહિનાની પહેલી તારીખ હોય તો તે કર્મચારી કયારે નિવૃત્ત થાય ?**

**A** આગલા મહિનાની છેલ્લી તારીખે **B** જે તે મહિનાની છેલ્લી તારીખે

**C** ૧લી તારીખે **D** ૨જી તારીખે

**86 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ખાતાના વડા તરીકે જાહેર કરાતા અધિકારીનો કયા પગાર ધોરણના ન્યુન્તમ પગાર કરતા ઓછો પગાર ન હોવો જોઇએ ?**

**A** ઉપસચિવ **B** સેકશન અધિકારી

**C** મામલતદાર **D** નાયબ સચિવ

**87 ગુજરાત મુલ્કી સેવા (રહેણાંક્ના મકાનોમાં વસવાટ ) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ રહેણાંકના આવાસોનું વર્ગીકરણ કેટલા પ્રકારનું છે?**

**A** ૦૮ **B** ૦૯

**C** ૨૫ **D** ૩૧

**88 ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ ફરજ મોકુફીમાંથી નોકરીમાં પુનઃ સ્થાપનના સમયે ફરજ મોકુફીની મુદતનું રજામાં પરિવર્તન અંગેની જોગવાઈ કયા નિયમમાં છે?**

**A** નિયમ-૭૧ **B** નિયમ-૭૨

**C** નિયમ-૭૩ **D** નિયમ-૮૫

**89 ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ પેન્શન ચુકવણી અધિકારીની વ્યાખ્યા કયા નિયમમાં છે?**

**A** નિયમ- ૯(૧૦) **B** નિયમ- ૯(૧૭)

**C** નિયમ- ૯(૨૨) **D** નિયમ- ૯(૨૪)

**90 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ ફરજ મોકુફીના હુકમો ઉપરની અપીલ કે તેઓ સામેની વિનંતીપત્ર અંગે સરકારે કમિશનને પૂછાવવાની જરૂરિયાત રહેશે ?**

**A** હા **B** ના

**C** કંઇ કહી શકાય નહી. **D** ત્રણમાંથી એકપણ નહી.

**91 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦માં અનુસૂચિ નોંધના બદલે મજકૂર મુકવામાં આવેલ છે, તે કઇ તારીખથી મુકવામાં આવેલ છે ?**

**A** તા.30/૦૭/૨૦૦૮ **B** તા.30/૦૭/૨૦૧૦

**C** તા.30/૦૭/૨૦૧૧ **D** તા.30/૦૭/૨૦૧3

**92 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ અભ્યાસ રજા અંગેની જોગવાઇ કયા પ્રકરણમાં છે ?**

**A** પ્રકરણ-૧ **B** પ્રકરણ-૨

**C** પ્રકરણ-૫ **D** પ્રકરણ-૭

**93 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ જુનિયરના પગારના આધારે સરકારી કર્મચારીનો પગાર વધારવાની જોગવાઇ કયા નિયમમાં છે?**

**A** નિયમ- ૨૧ **B** નિયમ-3૮

**C** નિયમ- ૨૫ **D** નિયમ- ૨૮

**94 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ હેઠળ ફોજદારી કામ ચલાવવા માટેની મંજૂરી અંગેની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૧૮ **B** નિયમ-૧૯

**C** નિયમ-૨૦ **D** નિયમ-૨૧

**95 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ વર્ગ-૪ના કર્મચારીઓની નિવૃત્તિ વય કેટલી છે ?**

**A** ૫૮ વર્ષ **B** ૫૯ વર્ષ

**C** ૬૧ વર્ષ **D** ૬૦ વર્ષ

**96 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ એક કરતા વધારે જગાનો પોતાની સમકક્ષ હવાલો સંભાળતા કર્મચારીઓને કેટલો ખાસ પગાર મળવાપાત્ર છે ?**

**A** સંભાવી પગારના ૫%
**B** સંભાવી પગારના ૧૦%
**C** સંભાવી પગારના ૧૫%
**D** સંભાવી પગારના ૨૦%

**97 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ મુજબ વાહન ભથ્થાની વ્યાખ્યા કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૯(૫)
**B** નિયમ-૯(૧૦)
**C** નિયમ-૯(૧૮)
**D** નિયમ-૯(૨૩)

**98 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ પરિશિષ્ટ-૩માં કયા પ્રકારના સરકારી કર્મચારીઓની સૂચિ છે ?**

**A** વેકેશન ખાતામાં નોકરી કરતા
**B** વિદેશમાં નોકરી કરતા
**C** અન્ય રાજયમાં નોકરી કરતા
**D** પેન્શનરો

**99 વાર્ષિક કામગીરી અહેવાલમાં કેટલા ગુણનું મૂલ્યાંકન ઉત્તમ તરીકે વર્ગીકૃત થાય છે ?**

**A** ૬૦ થી ૭૯ ગુણ
**B** ૪૦ થી ૫૯ ગુણ
**C** ૪૦ ગુણથી ઓછા
**D** ૮૦ કે તેથી વધુ ગુણ

**100 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ સરકારી કર્મચારીને મળવાપાત્ર ઇજાફાના અપવાદની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૩૭
**B** નિયમ-૪૯
**C** નિયમ - ૨૭
**D** નિયમ-૩૯

-----------------------------------